વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટેની લોન યોજનાના અમલીકરણમાં સરળતા લાવવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૧૭/૩૭૫૬૦૨/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૭/03/૨0૨3

વંચાણે લીધાઃ-

(૧) આ વિભાગનો તા.03/૧૨/૨00૧નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૧૨000/ન.બા.-૧/અ

(૨) આ વિભાગનો તા.૦૫/૦૭/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૩૨૦૧૫/૮૮૫૮૬૯/અ

(૩) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.3૦/૧૨/૨૦૨૨નો પત્ર ક્રમાંક: વિજાક/શિક્ષણ/વિ.અ./૨૦૨૨-૨૩/૧૬૬૧

આમુખઃ-

વંચાણે લીધા ક્રમાંક (૧) અને (૨) પરના ઠરાવોથી અનુક્રમે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે લોન આપવાની યોજના અમલમાં છે. જેમાં હાલ મહત્તમ રૂ.૧૫.00 લાખની લોન આપવામાં આવે છે. નિયામક, વિકસતી જાતિ કલ્યાણની કચેરી દ્વારા અમલિત ઉક્ત વિદેશ અભ્યાસ લોન યોજના અંતર્ગત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને અભ્યાસના સમયગાળાના પ્રમાણસર વાર્ષિક હપ્તામાં લોન ચૂકવવામાં આવે છે.

૨. અભ્યાસક્રમના પ્રથમ વર્ષે વિમાનની ટિકીટ, વિદેશની યુનિવર્સીટીમાં રજીસ્ટ્રેશન ફી, ટયુશન ફી, શિક્ષણ ફી, હોસ્ટેલ ફી, પુસ્તકો વગેરે માટે ખર્ચ કરવાનો થતો હોઇ વિદ્યાર્થીને સૌથી વધુ ખર્ચ વિદેશ જતા સમયે થતો હોય છે. જો વિદ્યાર્થીને લોનની ચૂકવણી પ્રમાણસર વાર્ષિક હપ્તામાં કરવામાં આવે તો વિદેશ જતા સમયે વિદ્યાર્થીને લોનની ખૂબ ઓછી રકમ મળે છે. આથી વિદ્યાર્થીને રૂ.૧૫.00 લાખની લોન મંજૂર થયેલ હોવા છતાં જરૂરી સમયે પૂરેપૂરી લોનનો લાભ મળી શકતો નથી તેમજ વિદ્યાર્થીને અન્ય જગ્યાએથી ઉંચા વ્યાજથી નાણાં લાવવા પડતા હોય છે. આથી આર્થિક અગવડતા ઉભી થાય છે. આ બધી બાબતોને ધ્યાને લેતાં વિદ્યાર્થીને લોનની ચૂકવણી એક હપ્તામાં કરવામાં આવે તો વિદ્યાથીઓની નાણાંકીય મુશ્કેલી દુર થઇ શકે તેમ છે.

૩. નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી દ્વારા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે અમલિત વિદેશ અભ્યાસ લોન યોજના તથા ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા બિન અનામત વર્ગના વિદ્યાર્થીઓ માટે અમલિત વિદેશ અભ્યાસ લોન યોજના તેમજ આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ અમલિત વિદેશ અભ્યાસ લોન યોજના અંતર્ગત લોનની પૂરેપૂરી રકમ એક જ હપ્તામાં વિદ્યાર્થીઓને ચૂકવવામાં આવે છે.

૪.	આથી નિયામક, વિકસતી જાતિ કલ્યાણની કચેરી દ્વારા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે અમલિત વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ લોનની પૂરેપૂરી રકમ એક જ હપ્તામાં ચૂકવવાની મંજૂરી આપવા માટે નિયામક, વિકસતી જાતિ કલ્યાણ એ વંચાણે લીધા ક્રમાંક (૩) પરના પત્રથી અત્રે દરખાસ્ત કરેલ, જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી દ્વારા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે અમલિત વિદેશ અભ્યાસ લોન યોજના તથા ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા બિન અનામત વર્ગના વિદ્યાર્થીઓ માટે અમલિત વિદેશ અભ્યાસ લોન યોજના તેમજ આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે અમલિત વિદેશ અભ્યાસ લોન યોજના અંતર્ગત લોનની પૂરેપૂરી રકમ એક જ હપ્તામાં ચૂકવવામાં આવતી હોઇ તમામ એક સરખી યોજનાઓમાં એકસૂત્રતા જળવાઈ રહે તે માટે નિયામક, વિકસતી જાતિ કલ્યાણની કચેરી દ્વારા અમલિત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટેની વિદેશ અભ્યાસ લોન યોજના અંતર્ગત લાભાર્થીને લોનની પૂરેપૂરી રૂ.૧૫.૦૦ લાખની રકમ વિદ્યાર્થીના અભ્યાસ અર્થે એક હપ્તામાં ચૂકવવા માટે આથી ઠરાવ બહાર પાડ્યા તારીખથી મંજૂરી આપવામાં આવે છે.

નિયામક, વિકસતી જાતિ કલ્યાણની કચેરી દ્વારા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે અમલિત વિદેશ અભ્યાસ લોન યોજના સંબંધિત ઠરાવોની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૫/૦૩/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: Rajeshkumar Kharadi
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 27-Mar-2023 (11:30 AM)

(આર. જે. ખરાડી)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:-

(૧) માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૪) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૫) તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૬) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૭) સર્વે જિલ્લા નાયબ નિયામક/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી(વિ.જા.) (નિયામક, વિકસતી જાતિ કલ્યાણ મારફત)

(૮) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ

(૯) સિલેકટ ફાઇલ